GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal

ISSN:3048-9792
Volume: 3
Issue: 5
September-October: 2026

આશ્વલાયન ગૃહ્યસૂત્ર અને આપસ્તંબ ગૃહ્યસૂત્રમાં નિર્દિષ્ટ સીમંતોન્નયન સંસ્કારની પ્રવિધિમાં દેખાતા સામ્ય અને વૈષમ્ય

ક્રિષ્ના જે. વણકર
શોધછાત્રા
સંસ્કૃત, બાળવિશ્વ વિદ્યાલય
જય યુ. ઓઝા
સહાયક અધ્યાપક
સંસ્કૃત, બાળવિશ્વ વિદ્યાલય

સારાંશ

ભારતીય સંસ્કૃતિમાં માનવજીવનને સંસ્કારોથી સંસ્કૃત કરવાની પરંપરા અતિ પ્રાચીન છે. ગર્ભાધાનથી લઈને અંત્યેષ્ટિ સુધીના સંસ્કારોમાં ગર્ભસ્થ શિશુ તથા ગર્ભવતી માતાના માનસિક, શારીરિક, બૌદ્ધિક તથા આધ્યાત્મિક કલ્યાણને વિશિષ્ટ સ્થાન આપવામાં આવ્યું છે. આ સંદર્ભમાં સીમંતોન્નયન સંસ્કારનું વિશેષ મહત્ત્વ છે. ગૃહ્યસૂત્રોમાં વર્ણવાયેલા ગર્ભસંસ્કારોમાં સીમંતોન્નયનનો ઉદ્દેશ ગર્ભવતી સ્ત્રી તથા ગર્ભસ્થ શિશુની રક્ષા, કલ્યાણ સાથે સંકળાયેલો જોવા મળે છે. બાળકના જન્મ પૂર્વે, બાળકના હિતાર્થે તેની માતા પર આ સંસ્કાર કરવામાં આવે છે. આ સંશોધનપત્રમાં ઋગ્વેદીય પરંપરાના પ્રતિનિધિરૂપ આશ્વલાયન ગૃહ્યસૂત્ર અને કૃષ્ણયજુર્વેદીય પરંપરાના આપસ્તંબ ગૃહ્યસૂત્રમાં નિર્દિષ્ટ સીમંતોન્નયન સંસ્કારની પ્રવિધિનું તુલનાત્મક અધ્યયન કરવામાં આવ્યું છે. બંને ગૃહ્યસૂત્રોમાં સંસ્કારનો મુખ્ય ઉદ્દેશ્ય, ગર્ભવતી સ્ત્રીનું સ્થાન, વૈદિક અગ્નિ સાથેનો સંબંધ તથા મંત્રપ્રયોગ જેવા મુદ્દાઓમાં સામ્ય જોવા મળે છે; જ્યારે સંસ્કારનો સમય, વિધિની વિશિષ્ટતાઓ, સાધનો, સંગીત-ગાથા, જવના અંકુર, મૌનવ્રત તથા અનુષ્ઠાનની ક્રમબદ્ધતા વગેરેમાં નોંધપાત્ર વૈષમ્ય જોવા મળે છે. આ તુલનાથી સ્પષ્ટ થાય છે કે, ગૃહ્યસૂત્રકારોએ એક જ

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 5
September-October: 2026

સંસ્કારને પોતાની શાખા, પરંપરા અને પ્રાદેશિક આચાર અનુસાર વિવિધ પ્રવિધિઓ સાથે સ્વીકાર્યો હતો. આથી સીમંતોન્નયન સંસ્કાર માત્ર ધાર્મિક વિધિ નહીં, પરંતુ ગર્ભાવસ્થા સાથે સંકળાયેલ સામાજિક, સાંસ્કૃતિક અને માનસિક અભિગમનું પણ પ્રતિબિંબ છે.

મુખ્ય શબ્દો: સીમંતોન્નયન સંસ્કાર, ગર્ભસંસ્કાર, ગર્ભિણી, સંસ્કાર, વૈદિક પરંપરા, ગૃહ્યસૂત્ર, આશ્વલાયન ગૃહ્યસૂત્ર, આપસ્તંબ ગૃહ્યસૂત્ર.

૧. પ્રસ્તાવના:

વેદોના છ અંગ છે. 1) શિક્ષા, 2) કલ્પ, 3) વ્યાકરણ, 4) નિરુક્ત, 5) છંદ, 6) જ્યોતિષ. જેમાંથી 'કલ્પ' એ ધર્મસૂત્રો, ગૃહ્યસૂત્રો તથા શ્રૌતસૂત્રોને આવરી લે છે.[i] ધર્મસૂત્રોમાં મુખ્યત્વે ગૌતમ ધર્મસૂત્ર, આપસ્તમ્બ ધર્મસૂત્ર, વશિષ્ઠ ધર્મસૂત્ર, બૌધાયન ધર્મસૂત્ર વગેરેનો સમાવેશ થાય છે. જ્યારે ગૃહ્યસૂત્રોમાં મુખ્યત્વે આશ્વલાયન, શાંખાયન, ગોભિલ, કૌષીતકિ, આપસ્તમ્બ, પારસ્કર, કાઠક, માનવ, અથર્વવેદીય કૌશિક, વૈખાનસ વગેરે ગૃહ્યસૂત્રોનો સમાવેશ થાય છે. આ તમામ ધર્મસૂત્રો તથા ગૃહ્યસૂત્રોમાં સંસ્કારોનું વિસ્તૃત વર્ણન મળે છે.[ii] ગૃહસ્થજીવન સાથે સંકળાયેલા સંસ્કારો, યજ્ઞો, ગર્ભસંસ્કારો, જાતકર્મ, નામકરણ, નિષ્ક્રમણ, અન્નપ્રાશન, કર્ણવેધ, વેદારંભ, ઉપનયન, સમાવર્તન, વિવાહ સંસ્કાર વગેરેની વિધિઓનું સૂત્રાત્મક નિરૂપણ તેમાં જોવા મળે છે. ભારતીય વૈદિક પરંપરામાં 'સંસ્કાર' શબ્દ માનવજીવનના શુદ્ધિકરણ, પરિષ્કાર તથા ઉન્નયન સાથે સંકળાયેલો છે. વ્યક્તિના જીવનને શારીરિક, માનસિક, નૈતિક તથા આધ્યાત્મિક રીતે સંસ્કૃત કરવાના ઉદ્દેશથી વિવિધ સંસ્કારોની વ્યવસ્થા કરવામાં આવી છે.[iii] આમ, ગૃહ્યસૂત્રો ભારતીય સંસ્કાર પરંપરાના વ્યવહારુ અને વિધિવિધાનાત્મક સ્વરૂપને સમજવા માટે અત્યંત મહત્ત્વપૂર્ણ ગ્રંથો છે.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 5
September-October: 2026

૨. સીમંતોન્નયન સંસ્કાર:

ગર્ભસંસ્કારોમાં ગર્ભાધાન, પુંસવન અને સીમંતોન્નયનનો વિશેષ ઉલ્લેખ થાય છે. જે 'જન્મપ્રાક સંસ્કારો' કહેવાય છે. ગર્ભસ્થ બાળકના હિત માટે ગર્ભિણી પર આ સંસ્કારો થાય છે. સીમંતોન્નયનનો શાબ્દિક અર્થ ગર્ભવતી સ્ત્રીના 'સીમન્ત' એટલે કે વાળની મધ્યરેખાનું ઉન્નયન કરવો એવો થાય છે.[iv] આપસ્તંબ ગૃહ્યસૂત્રના હરદત્તીય વ્યાખ્યાનમાં પણ 'સીમન્ત'ને કેશમધ્યની વિશિષ્ટ રેખા તરીકે સમજાવવામાં આવ્યો છે અને જે કર્મમાં તેનું ઉન્નયન થાય તેને સીમંતોન્નયન કહેવામાં આવ્યું છે.[v]

સીમંતોન્નયનનો અભ્યાસ માત્ર વિધિવિધાનના વર્ણન પૂરતો સીમિત નથી. તેમાં ગર્ભવતી સ્ત્રી પ્રત્યેની સામાજિક સંવેદના, ગર્ભસ્થ શિશુ માટેની શુભકામના, વૈદિક મંત્રોની શક્તિમાં વિશ્વાસ, સંગીત અને ગાથાનું સ્થાન, ઔષધિ તથા વનસ્પતિના પ્રતીકાત્મક ઉપયોગ અને પરિવાર તથા સમાજની સહભાગિતાનો અભ્યાસ પણ સમાયેલો છે. તેથી આશ્વલાયન અને આપસ્તંબ ગૃહ્યસૂત્રોમાં સીમંતોન્નયનની તુલના કરવાથી વૈદિક ગૃહ્યપરંપરાની આંતરિક વિવિધતા સમજવામાં મદદ મળે છે. હવે આપણે આશ્વલાયન તથા આપસ્તમ્બ ગૃહ્યસૂત્રોમાં વર્ણવેલા સીમંતોન્ન્યન સંસ્કાર માટેના સૂત્રો જાણીશું.

3) <u>આશ્વલાયન ગૃહ્યસૂત્ર:-</u>

प्रजावज्जीवपुत्राभ्यां हैके । 'आ ते गर्भो योनिमैतु पुमान्बाण इवेषुधिम् । आ वीरो जायतां पुत्रस्ते दशमास्यः' । 'अग्निरैतु प्रथमो देवतानां सोऽस्यै प्रजां मुञ्चतु मृत्युपाशात् । तदयं राजा वरुणोऽनुमन्यतां यथेयं स्त्री पौत्रमघं न रोदादिति' ॥१. १३. ६॥[vi]

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 5
September-October: 2026

અનુવાદ:- કેટલાક આચાર્યો પ્રજાવન અને જીવપુત્રી મંત્ર સાથે ઔષધિ આપવાનું કહે છે. ઔષધિ આપવાનો મંત્ર 'આ તે गर्भो' વગેરે છે. મંત્રાર્થ: 'જે રીતે તીર તર્કસમાંથી આવે છે તેમ તમારા ગર્ભમાં પુરુષ ગર્ભ આવે અને દસ મહિનામાં એક વીર પુત્રનો જન્મ થાય'. 'દેવતાઓમાં અગ્નિ પ્રથમ આવે, તે અગ્નિ આ (ગર્ભવતી સ્ત્રી) માટે પ્રજાઓ (પુત્રો) ને મૃત્યુના બંધનમાંથી મુક્ત કરે, અને આ રાજા વરુણ અનુમતિ આપે જેથી આ સ્ત્રી તેના પૌત્ર માટે રડે નહીં.'

वृत्तिः- प्रजावता दृष्टो मन्त्रः प्रजावान् । जीवपुत्रेण दृष्टो मन्त्रो जीवपुत्रः । यथा सूर्येति । आ ते गर्भ इति सूक्तं प्रजावान्। अग्निरैतु प्रथम इति सूक्तं जीवपुत्रः । आभ्यां सूक्ताभ्यामेके नस्तःकरणमिच्छन्ति। अन्ये तूष्णीम्। हशब्दोऽभिमतत्वज्ञापनार्थः ॥६॥

प्राजापत्यस्य स्थालीपाकस्य हुत्वा, हृदयदेशमस्या आलभेत । 'यत्ते सुसीमे हृदये हितमन्तः प्रजापतौ । मन्येऽहं मां तद्विद्वांसं माहं पोत्रमघं नियामिति' ॥१. १३.७॥[vii]

અનુવાદ:- ત્યારબાદ, ફરી એકવાર પ્રજાપતિને 'સ્થાલિપાક' અર્પણ કર્યા પછી, પતિ ગર્ભવતી સ્ત્રીના હૃદય પ્રદેશને આ મંત્રથી સ્પર્શ કરે છે: "હે સુંદર વાળ-વિભાજન કરનાર! પ્રજાપતિનો તે [સાર] જે તમારા હૃદયમાં સમાયેલો છે - આ દ્વારા, હું માનું છું કે મને એક ઉત્તમ પૌત્ર (અથવા પુત્ર) પ્રાપ્ત થશે." ||7||

वृत्तिः- प्राजापत्यस्य स्थालीपाकस्यैकदेशं हुत्वा, हृदयदेशं हृदयसमीपमस्या आ-लभेत स्पृशेत 'यत्ते' इति मन्त्रेण । ततः स्विष्टकृदादि समायेत्। इदं कर्म प्रतिगर्भ-मावर्तते । गर्भसंस्कारत्वात् । प्रथमगर्भे तृतीयमासि यदि गर्भे न विज्ञातस्तदा चतुर्थे कुर्यात् । विज्ञाते गर्ने तिष्ये पुंसवनम् । 'ततृतीये मास्यन्यत्र गृष्टेः' इति च स्मरणात् । गृष्टिः प्रथमगर्भः । पञ्चमे मास्यङ्गनिष्पत्तिर्भवति । स्वयमेव चास्य कर्ता। माहं पौत्रमिति लिङ्गात् । तदभावे देवरः ॥७॥

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 5
September-October: 2026

4) આપસ્તમ્બ ગૃહ્યસૂત્ર:-

सीमन्तोन्नयनं प्रथमें गर्भे चतुर्थे मासि ॥ ६.१४.१ ॥[viii]

અનુવાદ:- સીમંતોનયન સંસ્કાર સ્ત્રીની પ્રથમ ગર્ભાવસ્થાના ચોથા મહિના દરમિયાન કરવો જોઈએ. || 1 ||

નોંધ:- સીમંત વાળમાં વચલી રેખા અથવા માંગનો ઉલ્લેખ કરે છે. સીમંતોનયન સંસ્કારમાં, આ જ રેખા વિધિપૂર્વક ઉન્નત અથવા ચિહ્નિત કરવામાં આવે છે. આ સંસ્કાર ફક્ત પ્રથમ ગર્ભાવસ્થા દરમિયાન કરવામાં આવે છે. તે ગર્ભને સમર્પિત વિધિ છે; એકવાર ગર્ભની પવિત્રતા કરવામાં આવે પછી, ધાર્મિક વિધિનું પુનરાવર્તન કરવાની કોઈ જરૂર રહેતી નથી, કારણ કે મૂળ ગર્ભનું શુદ્ધિકરણ પછીના બધા ગર્ભને પણ પવિત્ર માનવામાં આવે છે. || 1 ||

ब्राह्मणान् भोजयित्वाऽऽशिषो वाचयित्वाऽग्नेरुपसमाधानाद्या-ज्यभागान्तेऽन्वारब्धायामुत्तरा आहुतीहत्वा जयादि प्रतिपद्यते ॥६.१४.२॥[ix]

અનુવાદ:- પ્રથમ દિવસે બ્રાહ્મણોને ભોજન કરાવવું, સ્વસ્તિવાચન કરાવવું , પછી પત્ની સાથે સંયુક્ત થઈ, અગ્નિના ઉપ-નિવારણથી લઈ આજ્યભાગની આહુતિઓ સુધીના કર્મ કરી પછી મંત્રોનો જાપ કરીને આઠ મુખ્ય આહુતિઓનો હવન કર્યા બાદ જય વગેરે આહુતીઓનું કર્મ કરવું.

परिषेचनान्तं कृत्वाऽपरेणाग्नि प्राचीमुपवेश्य त्रेण्या शलल्या

त्रिभिर्दर्भपुञ्जीलैश्शलालुग्लप्सेनेत्यूर्धवं सीमन्तमुन्नयति व्याहृतिभिरुत्तराभ्यां च ॥६.१४.३ ॥[x]

અનુવાદ:- અગ્નિની ચારેય તરફ ફરતે પાણી છાંટ્યા પછી, તેણે પત્નીને અગ્નિની પશ્ચિમમાં પૂર્વ તરફ મુખ રાખીને બેસાડવી જોઈએ અને તેણીના વાળને નીચેથી ઉપર સુધી તેની માંગને ઉન્નયન કરવી. તે માટે 'राकामहम्', 'यास्ते राका' વગેરે મંત્રોનો પાઠ કરતા કરતા ત્રણ દર્ભના તણખા

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 5
September-October: 2026

અને પાકેલા ઉદુમ્બરના ગુચ્છો સાથે ત્રણ સફેદ ચિહ્નવાળા શાલડી (સહી)નો ઉપયોગ કરવો જોઈએ.

ભૂઃ ભુવઃ સ્વઃ આ ત્રણ વ્યાહતીઓ સાથે, મંત્રોના પાઠ બાદ એક વાર સીમંતોન્નયન કરવામાં આવે છે. સુદર્શનાચાર્યના અનુસાર સૂત્રના અંતમાં ચ અનેક અન્ય મંત્રોના પણ દર્શાવે છે.

'गायत' मिति वीणागाथिनौ सँशास्ति ॥६.१४.४॥[xi]

અનુવાદ:- વીણા વગાડીને ગાથા ગાનાર બે વ્યક્તિઓને આદેશ આપે છે કે તમે બંને ગાઓ.

उत्तरयोः पूर्वा साल्वानां ब्राह्मणानामितरा ॥६.१४.५॥[xii]

અનુવાદ:- આગળની બે ऋचाઓ પૈકી, પ્રથમ ऋचा "योगन्धरि" વગેરે સાલ્વ દેશના રહેવાસીઓમાં સીમંતોનયન પ્રસંગે લોકગીતના રૂપમાં ગવાય છે. બીજી ऋचा "सोम एव नो राजा" વગેરે બ્રાહ્મણો દ્વારા ગવાય છે.

નોંધ:- આ સૂત્રમાં સાલ્વ દેશનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ દેશ યમુના કિનારે છે. ત્યાં વૈશ્ય વર્ગ વધુ છે. તેમના રાજા યૌગન્ધરી છે. આ માહિતી હરદત્ત મિશ્ર દ્વારા આપવામાં આવી છે. સુદર્શનાચાર્યના જણાવ્યા મુજબ, આ ગાથા સાલ્વ દેશના ત્રણેય વર્ણોના સીમંતોનયન સંસ્કારમાં ગવાય છે. અન્ય દેશોમાં બ્રાહ્મણોના સીમંતોનયન સંસ્કારમાં ' सोम एव नो राजा ' ગાવામાં આવે છે. ક્ષત્રિયો અને વૈશ્યોના કર્મોમાં 'सोमो नो राजाऽवतु मानुषीः प्रजाः' માં ગવાય છે, જેનો ઉલ્લેખ આશ્વાલયન ગૃહ્યસૂત્ર 1.12.7 માં છે.

यवान् विरूढानाबध्य वाचं यच्छत्यानक्षत्रेभ्यः ॥६.१४.७॥[xiii]

અનુવાદ:- પવિત્ર દોરાથી બંધાયેલા જવના અંકુર પત્નીના માથા પર મૂકવામાં આવે છે અને નક્ષત્ર ઉગે ત્યાં સુધી પત્નીએ મૌન વ્રત રાખવું જોઈએ.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 5
September-October: 2026

નોંધ:- આ જવના દાણા અગાઉથી વાવી દેવા જોઈએ જેથી નિયત સમય સુધીમાં અંકુર ફૂટી શકે. આ અંકુરિત જવ પત્નીના માથા પર બાંધવામાં આવે છે.

उदितेषु नक्षत्रेषु प्राचीमुदीचीं वा दिशमुपनिष्क्रम्य वत्समन्वारभ्य व्याहृतीश्च जपित्वा वाचं विसृजेत् ॥६.१४.८॥[xiv]

અનુવાદ:- નક્ષત્ર ઉદય થતાં જ વ્યક્તિએ પોતાની પત્ની સાથે પૂર્વ કે ઉત્તર તરફ આગળ વધવું જોઈએ. વ્યક્તિએ વાછરડાને સ્પર્શ કરવો જોઈએ અને વ્યાહૃતિઓનો જપ કર્યા પછી - (પત્નીએ) મૌન પ્રતિજ્ઞા તોડવી જોઈએ.

૫) બંને ગૃહ્યસૂત્રોમાં જોવા મળતાં સામ્યો:

ક્રમ	સામ્યબિંદુ	આશ્વલાયન ગૃહ્યસૂત્ર	આપસ્તંબ ગૃહ્યસૂત્ર
૧	ગર્ભસંસ્કાર તરીકે સ્થાન	સીમંતોન્નયન ગર્ભિણી તથા ગર્ભસ્થ શિશુના કલ્યાણ સાથે સંકળાયેલ છે.	ગર્ભિણી અને ગર્ભસ્થ શિશુના રક્ષણ તથા કલ્યાણને કેન્દ્રમાં રાખવામાં આવ્યું છે.
૨	પતિની સહભાગિતા	પતિ દ્વારા હૃદયસ્પર્શ, મંત્રોચ્ચાર વગેરે ક્રિયાઓ કરવામાં આવે છે.	પતિ ગર્ભિણીને અગ્નિની સમીપ બેસાડે છે અને કેશોનું ઉન્નયન કરે છે.
૩	અગ્નિનું મહત્ત્વ	વિધિમાં અગ્નિ તથા વૈદિક યજ્ઞપરંપરાનું મહત્ત્વ છે.	ગર્ભિણીને અગ્નિની સમીપ બેસાડવાની તથા અગ્નિસંબંધિત ક્રિયાઓની વ્યવસ્થા છે.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 5
September-October: 2026

૪	આહુતિ	અગ્નિમાં આહુતિ દ્વારા સંસ્કારવિધિ પૂર્ણ કરવામાં આવે છે.	અગ્નિસંબંધિત હોમાદિ ક્રિયાઓનો વિધાન જોવા મળે છે.
૫	મંત્રપ્રયોગ	ગર્ભરક્ષણ, શુભ સંતાન અને મંગલની ભાવના વ્યક્ત કરતા મંત્રોનો પ્રયોગ થાય છે.	ગર્ભિણી તથા ગર્ભસ્થ શિશુના કલ્યાણ માટે મંત્રોચ્ચાર કરવામાં આવે છે.
૬	વંશવૃદ્ધિની ભાવના	પુત્રપ્રાપ્તિ, વીર સંતાન તથા ગર્ભરક્ષણની ભાવનાઓ સ્પષ્ટ છે.	ગર્ભસ્થ શિશુના કલ્યાણ તથા સંતતિપ્રાપ્તિની ભાવના રહેલી છે.

૬. બંને ગૃહ્યસૂત્રોમાં જોવા મળતાં વૈષમ્યો:

ક્રમ	**મુદ્દો**	**આશ્વલાયન ગૃહ્યસૂત્ર**	**આપસ્તંબ ગૃહ્યસૂત્ર**
૧	વિધિનો સમય	ઉપલબ્ધ અંશમાં મુખ્ય ભાર મંત્રવિધિ પર છે	પ્રથમ ગર્ભના ચોથા માસે
૨	મુખ્ય મંત્ર	‘आ ते गर्भः’, ‘अग्निरैतु प्रथमः’ વગેરે	‘राकामहम्’, ‘यास्ते राका’ વગેરે તથા વ્યાહૃતિઓ
૩	વિશિષ્ટ ક્રિયા	સ્થાલિપાક અને હૃદયસ્પર્શ	વાળનું ઉન્નયન મુખ્ય ક્રિયા
૪	સાધન	સ્થાલિપાક, અગ્નિ અને મંત્ર	ત્રણ દર્ભ, શલ્ય/શલલ્ય અને ઉદુમ્બર

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 5
September-October: 2026

૫	સંગીત	વિશેષ ઉલ્લેખ મળતો નથી	બે વીણાગાથિકો દ્વારા ગાથાગાન
૬	પ્રાદેશિકતા	મંત્રાત્મક અભિગમ મુખ્ય	સાલ્વ દેશ તથા નદીનો ઉલ્લેખ
૭	જવના અંકુર	ઉપલબ્ધ અંશમાં ઉલ્લેખ નથી	જવના અંકુર બાંધવાનું વિધાન
૮	મૌનવ્રત	ઉપલબ્ધ અંશમાં સ્પષ્ટ નથી	નક્ષત્રોદય સુધી મૌન
૯	અંતિમ ક્રિયા	સ્થાલિપાક પછી સ્વિષ્ટકૃતાદિ	નક્ષત્રોદય બાદ દિશાગમન, વાછરડાનો સ્પર્શ

આ તુલનામાંથી સ્પષ્ટ થાય છે કે આપસ્તંબ ગૃહ્યસૂત્રની પ્રવિધિ વધુ વિસ્તૃત અને બહુસ્તરીય છે. તેમાં ધાર્મિક વિધિ તો વિશેષ મહત્ત્વ ધરાવે જ છે, ઉપરાંત લોકજીવન અને પ્રાદેશિક સંસ્કૃતિના તત્ત્વો પણ જોડાય છે. જ્યારે બીજી તરફ આશ્વલાયન ગૃહ્યસૂત્રમાં મંત્ર, આહુતિ અને ગર્ભકલ્યાણની ધાર્મિક ભાવના પણ વિશેષ પ્રબળ દેખાય છે.

૭. સાંસ્કૃતિક પરિપ્રેક્ષ્ય:

સીમંતોન્નયનના અભ્યાસથી વૈદિક સમાજમાં ગર્ભવતી સ્ત્રીને આપવામાં આવતું વિશિષ્ટ સ્થાન દૃષ્ટિગોચર થાય છે. અહીં ગર્ભાવસ્થા માત્ર વ્યક્તિગત અથવા કુટુંબની બાબત ન રહીને ધાર્મિક-સામાજિક જવાબદારીનું સ્વરૂપ ધારણ કરે છે જે મહત્ત્વનું છે. તદુપરાંત બ્રાહ્મણોને ભોજન કરાવવું, આશીર્વાદ લેવા વગેરેમાં સામૂહિક સહભાગિતાનો પરિચય થાય છે.

આપસ્તંબના વિધાનમાં સંગીતનો સમાવેશ વિશેષ નોંધપાત્ર છે. બે વીણાગાથિકોને ગાવા માટે કહેવામાં આવે છે. આ દર્શાવે છે કે ગર્ભવતી સ્ત્રીના પ્રસંગને માત્ર યજ્ઞકર્મ સુધી મર્યાદિત રાખવામાં આવ્યો ન હતો, પરંતુ આનંદ, સંગીત અને સામાજિક સહભાગિતાને પણ સ્થાન આપવામાં આવ્યું હતું.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 5
September-October: 2026

તે જ રીતે જવના અંકુર, ઉદુમ્બર અને દર્ભ જેવા તત્ત્વો પ્રકૃતિ અને પ્રજનનક્ષમતા સાથે પ્રતીકાત્મક રીતે સંકળાયેલા હોવાનું અનુમાન કરી શકાય છે. જોકે આવા પ્રતીકોના ચોક્કસ અર્થ અંગે ગૃહ્યસૂત્રકાર પોતે જ્યાં સુધી સ્પષ્ટ નિવેદન ન કરે ત્યાં સુધી આધુનિક અર્થઘટનને ઐતિહાસિક તથ્ય તરીકે સ્વીકારવું અયોગ્ય છે.

૮. નિષ્કર્ષ:

સીમંતોન્નયન સંસ્કાર ગૃહ્યસૂત્રોમાં નિર્દિષ્ટ ગર્ભસંસ્કારોમાં મહત્ત્વપૂર્ણ તથા આગવું સ્થાન ધરાવે છે. આશ્વલાયન અને આપસ્તંબ બંને પરંપરાઓમાં તેનો મૂળ આશય ગર્ભવતી સ્ત્રી તથા ગર્ભસ્થ શિશુના કલ્યાણ સાથે જોડાયેલો છે. તેમ છતાં બંનેના વિધિવિધાનમાં નોંધપાત્ર તફાવત છે. આશ્વલાયનમાં ગર્ભસંરક્ષણ, સંતાનપ્રાપ્તિ, અગ્નિ, આહુતિ અને હૃદયસ્પર્શી મંત્રોનું પ્રાધાન્ય જોવા મળે છે; જ્યારે આપસ્તંબમાં ચોથા માસનું નિર્ધારણ, વાળનું ઉન્નયન, વિશિષ્ટ સાધનો, ગાથાગાન, પ્રાદેશિક સંદર્ભ, જવના અંકુર અને મૌનવ્રત જેવા તત્ત્વો વિશેષરૂપે વિકસિત છે.

આ તુલનાત્મક અધ્યયન પરથી એવું કહી શકાય કે, ગૃહ્યસૂત્રોમાં સંસ્કારની મૂળ ભાવના જળવાઈ રહી હોવા છતાં તેની પ્રવિધિ શાખા અને પરંપરા અનુસાર પરિવર્તિત થતી રહી છે. તેથી સીમંતોન્નયનને ભારતીય સંસ્કારના અભ્યાસમાં માત્ર એક ધાર્મિક વિધિ તરીકે નહીં, પરંતુ ગર્ભજીવન પ્રત્યેની સાંસ્કૃતિક દૃષ્ટિ, સ્વાસ્થ્યની દૃષ્ટિ, માતૃત્વની સામાજિક પ્રતિષ્ઠા તથા વૈદિક સમાજના સંસ્કાર તરીકે જોવું જોઈએ.

---

[i] वैदिक साहित्य का इतिहास

[ii] डो. काणे, पी.वी., धर्मसूत्रो का इतिहास

[iii] संस्कारप्रकाश, गीताप्रेस, गोरखपुर, सं. २०७८

[iv] डो. सिद्धन्तालङ्कार, सत्यव्रत, संस्कार चन्द्रिका, २०२२

[v] डो. पाण्डेय उमेशचन्द्र,(२०२२), चौखम्बा संस्कृत भवन, वाराणसी, आपस्तम्बगृह्यसूत्रम् पृ. २२०

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 5
September-October: 2026

[vi] डो. पाठकः जमुना,(२०१८), चौखम्बा संस्कृत सीरीज आफ़िस्, वाराणसी, आश्वलायनगृह्यसूत्रम् पृ. ६३

[vii] એજન, પૃ. ६३

[viii] डो. पाण्डेय उमेशचन्द्र,(२०२२), चौखम्बा संस्कृत भवन, वाराणसी, आपस्तम्बगृह्यसूत्रम् पृ.२२०

[ix] એજન, પૃ. २२०

[x] એજન, પૃ. २२१

[xi] એજન, પૃ. २२२

[xii] એજન, પૃ. २२३

[xiii] એજન, પૃ. २२४

[xiv] એજન, પૃ. २२४